સ્પે.દિ.મુ.નં. ૧૭/૨૦૧૧.

:: **<u>આંક–૮૦ નીચે હુકમ</u>** ::

સદર અરજી વંચાણે લીધી. ઉભય પક્ષના વિ.વ.શ્રીને સાંભળ્યા. વાદીના વિ.વ. શ્રીનો લેખિત શેરો વંચાણે લીધો. માર્ક : ૭૬/૧ કેનેરા બેન્કને લખવામાં આવેલ અસલ પત્ર હોય, જેને આંક પાડવાનો હુકમ કરવામાં આવે છે. માર્ક : ૭૬/૨ થી માર્ક : ૭૬/૫ ના દસ્તાવેજો ઝેરોક્ષ નકલો હોય, તેને આંકે આપવામાં આવતા નથી. માર્ક : ૭૬/૬ થી રજુ થયેલ દસ્તાવેજમાં એકમાત્ર એન્ટ્રી નં.૩૪૧૨ રેવન્યુ રેકર્ડે ખરી હોવાનું દર્શાવેલ છે, પરંતુ તે સિવાયની એન્ટ્રી નં.૩૪૧૩ રેવન્યુ રેકર્ડે ખરી ન હોવાનું દર્શાવેલ હોય, એકમાત્ર એન્ટ્રી નં.૩૪૧૨ ને આંકે પાડવાનો હુકમ કરવામાં આવે છે. માર્ક : ૭૬/૭ થી માર્ક : ૭૬/૧૧ ખરી નકલો હોય આંકે પાડવાનો હુકમ કરવામાં આવે છે. માર્ક : ૭૬/૧૨ ઝેરોક્ષ નકલ હોય, તેને આંક આપવામાં આવતો નથી. માર્ક : ૭૬/૧૩ "પાર્ટનરશીપ ડીડ" ની કાર્બન કોપી હોય આંક આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માર્ક : ૭૬/૧૪ અસલ ડીડ ઓફ રીટાયર્ડમેન્ટ હોય, તેને આંક પાડવાનો હુકમ કરવામાં આવે છે. માર્ક : ૭૬/૧૫ ઝેરોક્ષ નકલો હોય, તેને આંકે આપવામાં આવતો નથી. માર્ક : ૭૬/૧૬ થી રજુ થયેલ દસ્તાવેજ બેન્ક એકાઉન્ટની કોમ્પ્યુટરરાઈઝડ કોપી હોય, તેને આંકે પાડવાનો હુકમ કરવામાં આવે છે. માર્ક : ૭૬/૧૭ ઝેરોક્ષ નકલો હોય, તેને આંક આપવામાં આવતો નથી. માર્ક : ૭૬/૧૮ અસલપત્ર હોય તેને આંકે પાડવાનો હુકમ કરવામાં આવે છે અને માર્ક : ૭૬/૧૯ નો દસ્તાવેજ ઝેરોક્ષ હોય તેને આંકે પાડવાનો હુકમ કરવામાં આવતો નથી. આ સંજોગોમાં અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: **<u>હુ ક મ</u>** ::

સદર અરજી અંશતઃ મંજુર રાખી, માર્ક : ૭૬/૧, માર્ક : ૭૬/૬ થી માર્ક : ૭૬/૧૧, માર્ક : ૭૬/૧૪, માર્ક : ૭૬/૧૬ અને માર્ક : ૭૬/૧૮ ને આંકે પાડવાનો હુકમ કરવામાં આવે છે.

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
નવસારી.
જી.જે.૦૦૩૫૮

મુકામ : નવસારી.
તારીખ : ૧૬/૦૩/૨૦૧૭.